GJKT010037742026

| | |
|---|---|
| RECEIVED ON | 19-08-2026 |
| REGISTERED ON | 19-08-2026 |
| DECIDED ON | 21.08.2026 |
| DURATION | |

| YEAR: | MONTH: | DAYS: |
|---|---|---|
| - | - | 02 |

**નામદાર શ્રી ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની અદાલતમાં,ભુજ–કચ્છ.**

–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–

**આંક:–૭**

**<u>ફોજદારી પરચુરણ અરજી નંબર ૧૦૮૫/૨૦૨૬</u>**

**કુલદીપસિંહ વખુભા જાડેજા**
ઉ.વ.૨૮,ધંધો–ખેતી
રહે.વાંકુ,
તા.અબડાસા–કચ્છ. **::::::::::: અરજદાર/આરોપી.**

વિરૂધ્ધ

**શ્રી સરકાર**
મારફતે
જિલ્લા સરકારી વકીલ શ્રી
ભુજ–કચ્છ. **:::::::::::::::::: સામાવાળા.**

**બાબત:–** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મળવા અંગે.....

––––––––––––––––––––––

**સમક્ષ:–** શ્રી એન.પી.રાડીઆ,ત્રીજા અધિક સેશન્સ જજ,ભુજ–કચ્છ.

––––––––––––––––––––––

**<u>અરજદાર/આરોપી તરફે વિ.વકીલ શ્રી કે.એમ.ધુવા.</u>**

**<u>સામાવાળા/શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.એ.મહેશ્વરી.</u>**

(N.P. Radia)
3rd Addl. Sessions Judge, Bhuj

**::– ઠરાવ ::–**

(૧) અરજદાર/આરોપીએ હાલની અરજી બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ હેઠળ જખૌ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૫૦ ૧૭૨૬૦૦૩૬/૨૦૨૬,બી.એન.એસ.ની કલમ–૩૦૫(એ),૩૩૧(૩), ૩૩૧(૪) તથા ૫૪ મુજબનાં ગુન્હાનાં કામે પોલીસ ધ્વારા તેમને અટક કરી નામદાર અધિક ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી નલીયા–કચ્છ સમક્ષ રિમાન્ડની માંગણી સાથે રજુ કરતા રિમાન્ડ મંજુર કરવામાં આવેલ અને રિમાન્ડ સમય પુર્ણ થતા અરજદાર/આરોપીએ જામીન અરજી કરેલી, તે જામીન અરજી નામંજુર કરી અરજદાર/આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપેલ, જેથી ત્યારથી હાલનાં અરજદાર/આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં હોઈ હાલની જામીન અરજી રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ હેઠળ કરેલી છે.

(૨) સદર કામમાં સામાવાળાને નોટીસ કરતા સામાવાળા/શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.એ.મહેશ્વરીએ હાજર થયેલ છે.

(૩) સદર કામમાં અરજદાર/આરોપીનાં વિ.વકીલ શ્રી કે.એમ. ધુવાએ પોતાની દલીલમાં જણાવેલ છે કે અરજદાર/આરોપીએ કોઇ ગુન્હો કરેલ નથી કે કહેવાતા બનાવમાં કોઈ ભાગ ભજવેલ નથી તેમજ ફરિયાદમાં અરજદાર/આરોપીનું કોઇ નામ નથી.અરજદાર/આરોપીને ખોટીરીતે ગુન્હામાં ફસાવવામાં આવેલ છે.અરજદાર/આરોપી નાની વયનાં છે.પોલીસે અનડીટેકટેડ ગુન્હામાં સંડોવી દેવા પ્રયાસ કરેલ છે.અરજદાર/આરોપી યુવાન વયના છે તેમજ કુટુંબ કબીલો ધરાવે છે અને સમગ્ર કુટુંબનાં સભ્યોની જવાબદારી તેમના પર રહેલ છે.અરજદાર/આરોપી સ્થાનિક રહેવાસી હોઈ કયાંય નાસી ભાગી જાય તેમ નથી.નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવાની ખાત્રી આપે છે.તે સંજોગોમાં અરજદાર/આરોપીને જામીન પર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામમાં વિ.એ. પી.પી.શ્રી એસ.એ.મહેશ્વરીએ રજુઆત કરેલ છે કે અરજદાર/આરોપીએ સુજલોન કંપનીની પવનચકકી પરથી તથા

તેની બાજુમાં આવેલ ઓરડીમાંથી કુલ કિંમત રૂા.૧૩,૫૦૦/- નાં કેબલ વાયરની ચોરી કરી ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ છે.જેથી જો અરજદાર/ આરોપીને જામીન પર મુકત કરવામાં આવશે તો સાહેદોને પ્રલોભન કે ધમકી આપી ફોડી નાખવાની યેનકેન પ્રકારે કોશીષ કરશે અને ગુજરાત રાજયની હદ મુકી અને ભાગી જાય તેવી પુરેપુરી શકયતા રહેલ છે તેમજ બીજી વખત આવો ગંભીર ગુન્હો કરે તેમ છે.જેથી અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૫) બન્ને પક્ષકારોનાં વિ.વ.શ્રીઓની વિદ્દવતાભરી દલીલો સાંભળી, અરજી સાથે રજુ થયેલ કેસ પેપર્સ તથા દસ્તાવેજી આધારો વંચાણે લેવામાં આવે તો,આરોપીએ સુઝલોન કંપનીની વાંકુ સીમ વિસ્તારમાં આવેલ પવનચકકી નં.વી-૧૮ માંથી તા:-૧૩/૦૮/૨૦૨૬ નાં રોજ રાત્રીનાં ચારેક વાગ્યા પહેલા કોઈપણ સમયે પવનચકકી બારે ગુંચડાવાળી રાખેલ કપોરનો કેબલ ૧૫૦ સ્કવેર મીટર ૧૦ મીટરનાં નંગ-૦૫,લંબાઈ આશરે ૧૦૦ મીટર કિંમત રૂા.૯૦૦૦/- નો કોપર કેબલ કોઈ ધારદાર હથિયારથી કાપી તથા પવનચકકીની બાજમું આવલ પેનલ ઓરડીનો તાળુ તોડી અંદર પ્રવેશ કરી પેનલનાં બોટમમાંથી કોપરનો કેબલ ૧૫૦ સ્કવેર મીટર ૧૦ મીટરનાં નંગ-૦૫,લંબાઈ આશરે ૫૦ મીટર કિંમત રૂા.૪,૫૦૦/- નો કોપર કેબલ કોઈ ધારદાર હથિયારથી કાપી કુલ ૧૫૦ સ્કવેર મીટરનો કુલ લંબાઈ આશરે ૧૫૦ મીટર કોપર કેબલ કિંમત રૂા.૧૩,૫૦૦/- ની ધારદાર સાધનથ કાપી ચોરી કરી ફોરવ્હીલ ગાડીમાં લઈ જઈ ગુન્હો કર્યા સબંધી અરજદાર/આરોપી વિરૂધ્ધ આક્ષેપો છે.અરજદાર/આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ-૩૦૫ (એ),૩૩૧(૩),૩૩૧(૪),૫૪ મુજબનો ગુન્હો નોંધાયેલ છે. અરજદાર/આરોપી વિરૂધ્ધ રૂા.૧૩,૫૦૦/- નાં કેબલની ચોરી અંગેનો આક્ષેપ છે.સદરહુ ગુન્હો વધુમાં વધુ ચૌદ વર્ષની સજાને પાત્ર ગુન્હો છે,મોતની કે આજીવન કેદની સજાને પાત્ર ગુન્હો નથી.સદરહુ ગુન્હો ટ્રાયેબલ બાય જે.એમ.એફ.સી. છે.સદરહુ ગુન્હાની મોટાભાગની તપાસ પુર્ણ થઈ ગયેલ છે.અરજદાર/આરોપીનું એફ.આઈ. આર.માં નામ નથી. ટ્રાયલ

ચાલતા સમય લાગે તેમ છે.અરજદાર/આરોપી તા:–૧૮/૦૮/૨૦૨૬ થી કસ્ટડીમાં છે.અરજદાર/આરોપી કચ્છ જિલ્લાનાં વતની હોઇ,ટ્રાયલ વખતે હાજરી સુરક્ષીત જણાય છે.જેથી ગુન્હાનો પ્રકાર, સજાની જોગવાઈ, ટ્રાયલ વખતે હાજરી વિગેરે પરિબળો જોતાં શરતોને આધીન જામીન પર મુકત કરવાનું ન્યાયોચિત જણાતુ હોઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::– <u>હુકમ</u> ::–**

(૧) અરજદાર/આરોપીની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૩ મુજબની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીને જખૌ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૦૫૦૧૭૨૬૦૦૩૬/૨૦૨૬,બી.એન.એસ.ની કલમ–૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) તથા ૫૪ મુજબનાં ગુન્હાનાં કામે દરેક અરજદાર /આરોપીએ રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પુરા) નાં જાત જામીન તથા તેટલીજ રકમનાં સધ્ધર જામીન આવ્યેથી નીચેની શરતોને આધીન જામીન પર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો:–</u>**

(૧) અરજદાર/આરોપીએ પોતાની જામીન મુકિતનો કોઈપણરીતે ગેરલાભ કે ગેરઉપયોગ કરવો નહી અને આ પ્રકારનાં ગુન્હાહિત કૃત્યમાં ફરીથી પોતાની જાતને સંડોવવી નહી.

(૨) અરજદાર/આરોપીએ જામીન પર છુટયા બાદ ચાર્જશીટ રજુ થતાં/છ માસ (બે માંથી જે વધુ હોય ત્યાં) સુધી દરેક અંગ્રેજી માસની પહેલી અને પંદરમી તારીખે સવારનાં ૯.૦૦ થી બપોરનાં ૩.૦૦ કલાકની વચ્ચે સબંધિત પોલીસ સ્ટેશન –માં હાજરી પુરાવવી.

(૩) અરજદાર/આરોપીએ ફરિયાદી તથા ફરિયાદપક્ષનાં સાહેદોને કોઈપણ પ્રકારે ધાક–ધમકી, લોભ, લાલચ કે પ્રલોભન

(N.P. Radia)
3rd Addl. Sessions Judge, Bhuj

આપી ફોડવાની કોશીષ કરવી નહી અને ફરિયાદપક્ષનાં હિતને નુકશાન થાય તેવુ કૃત્ય કરવુ નહી.

(૪) અરજદાર/આરોપીએ તેમની સામેનાં કેસની ટ્રાયલ દરમિયાન સબંધિત અદાલતમાં નિયમીત હાજર રહેવુ.

(૫) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો દિન–૧૦ માં અત્રેની અદાલતમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામુ કરવુ.

(૬) અરજદાર/આરોપીએ તેમની સામેનાં કેસનો નિકાલ થાય નહી ત્યાંસુધી અત્રેની અદાલતની પુર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૭) અરજદાર/આરોપીએ સુલેહશાંતિનો ભંગ થાય તેવું કોઈ કૃત્ય કરાવવું નહિ.

(૮) ઉપરોકત શરતો પૈકી અરજદાર/આરોપી કોઈપણ શરતનો ભંગ કરશે તો તે અંગે પ્રોસીકયુશન જામીન રદ કરવા માટેની અરજી કરી શકશે.

(૯) અરજદાર/આરોપીએ જામીન સબંધિત અદાલતમાં આપવાનાં રહેશે.

આ હુકમની જાણ સબંધિત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજરોજ તા:–૨૧ માહે ઓગસ્ટ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

સહી/–

તા:–૨૧/૮/૨૦૨૬
ભુજ–કચ્છ.

**(એન.પી.રાડીઆ)**
ત્રીજા અધિક સેશન્સ જજ
ભુજ–કચ્છ.
GJ00621

*KPT*

(N.P. Radia)
3rd Addl. Sessions Judge, Bhuj